# જનરલ પાવર ઓફ એટર્ની

આથી અમો નીચે સહીઓ કરનારા :-

(૧) ..............................................

પુખ્તવયના, ધર્મે : હિન્દુ, રહેવાસી : ....................................
.................................................................

આથી અમો અમારી રાજીખુશીથી અમારી નીચે જણાવેલ મીલકત અંગેના હવે પછીથી કરવા પડતા તેમજ ઉપસ્થિત થતા તમામ કામો, કાર્યો અને કાર્યવાહીઓ વ્યવહારો અમારા વતી કરવા સારૂ અમારા ખાસ વિશ્વાસુ અને ભરોસેદાર એવા મારા ........... ...................., પુત્રવયના, ધર્મે : હિન્દુ, રહેવાસી : ...................... ....................................ના ને આ જનરલ પાવર ઓફ એટર્ની લખી આપીને તમામ સત્તા અને અધિકાર આપ્યા છે. જેથી તેઓ અમારા વતી તમામ પ્રકારના કામો, કાર્યો તથા કાર્યવાહીઓ કરી શકશે.

## -: પરીશીષ્ટ - ૧ :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - .... (.....) ........... તાલુકાના મોજે - ............ ગામની સીમમાં સર્વે નંબર : ............, ટી.પી.સ્કીમ નંબર : ........ ના ફાઈનલ પ્લોટ નંબર : ........ ની જમીન ઉપર............. કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ આવેલ છે. જે સોસાયટી ધી ગુજરાત સ્ટેટ સહકારી ગૃહ મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ના કાયદા અન્વયે અનુક્રમ નંબર : ઘ-........., તારીખ : ............ના રોજ નોંધાયેલ છે. જે **"................."** ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ .........નો ફલેટ નંબર : ............, મ્યુ. ટેનામેન્ટ નંબર : ........................ વાળી મિલકત.

એ રીતેનાં નંબરોમાપવાળી મિલક્તમાં અમો પાવર ઓફ એટર્ની આપનારનો વરસાઈ હક્કની રૂઈએ વગર વહેંચાયેલ જે લાગભાગ હક્ક હિસ્સો પોષાતો આવેલ છે તે હક્ક હિસ્સાની મિલક્ત જેને હવે પછી આ પાવર ઓફ એટર્નીમાં "સદરહુ મીલકત" એ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સદરહુ મીલકત અંગેના અવે પછીથી કરવા પડતા તેમજ ઉપસ્થિત થતા તમામ કામો, કાર્યો અને કાર્યવાહીઓ વ્યવહારો અમારા વતી કરવા તમામ સત્તા અને અધિકાર અમારા મુખત્યારને આપેલ છે જેવા કે..,

(૧) સદરહુ મીલકતના માલીકી હકક બાબતે કોઈપણ શખ્સ, વ્યકિત, સરકારશ્રી, એશોસીએશન સાથે લીટીગેશનમાં ઉતરવું પડે તો તે અંગે દીવાની ફોજદારી રેવન્યુ હાઈકોર્ટ તથા ભારત સરકારની તમામ કોર્ટ કચેરીઓમાં અમારા વતી હાજર રહેવા જવાબો, સ્ટેટમેંટ, નિવેદનો, સોગંદનામા, જુબાનીઓ આપી શકશે. તમામ પ્રકારની દરખાસ્ત રજુ કરી શકશે. અમારા વતી વકીલ રોકવા વકીલતનામામાં સહીઓ કરી આપી શકશે.

(૨) સદરહુ મીલકતના વેચાણ અંગે જરૂરી વેચાણની પરવાનગીઓ મેળવવા અંગે અમારા વતી અને તરફથી અરજીઓ કરવા સોગંદનામાં આપવા, કબુલાત આપવા, ઈન્ડેમ્નીન્ટી આપવા અન્વયે કોમ્પીટંટ ઓથોરીટી ડીપાર્ટમેન્ટ રૂબરૂ હાજર રહેવા જવાબો આપવા તે અંગે પરવાનગીઓ મેળવવા માટેની કાયદેસરની તમામ કાર્યવાહીઓ કરવા સારૂ.

(૩) સદરહુ મીલકત અંગે જે કાંઈ દસ્તાવેજો લખાણો, કરારો થયેલા હોય તે રદ કરાવવા માટેની કાર્યવાહીઓ કરવા તે અંગે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવવા નોટીસો આપવા તેમજ સદરહુ મીલકત ના જે કાંઈ દસ્તાવેજ થયેલા હોય તેના અનુસંધાનમાં પુરવણીના લેખ, સુધારાના લેખ કબુલાતના લેખ વિગેરે તૈયાર કરીને તે રજીસ્ટર્ડ કરાવવાની કાર્યવાહીઓ કરી શકશે.

(૪) સદરહુ મીલકતનું વેચાણ કરવા બાનાખત કરી આપવા તથા બાનાખતની શરતોમાં ફેરફાર કરવા તેમજ શરતો મુજબ જે તે કાયદાઓ હેઠળની પરવાનગીઓ મેળવવા, બાનાખતના અનુસંધાનમાં પુરવણી કરારો તથા સોગંદનામાં વિગેરે કરી આપવા, જરૂર પડે તો બાનાખત રજીસ્ટર્ડ કરાવવાની કાર્યવાહીઓ કરવા તે અંગે જે તે સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં હાજર રહેવા સહીમતાં કરવા તેમજ કબુલ કરવા તેમજ જે કાંઈ બાનાખતો થયેલા હોય તેના અનુસંધાનમાં પુરવણી કરારો કરવાના થાય તે કરી શકશે તેમજ કરાર કરી આપી શકશે.

(૫) સદરહુ મીલકતના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ કરાવવાની કાર્યવાહીઓ કરવા સોલીસીટર્સની નિમણુંક કરવા તેઓ જણાવે તેના જવાબો આપવા, જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવવા માટેની સંમતીના લખાણો આપી શકશે, ટાઈટલ્સ અંગે કોઈના વાંધા આવે તો તે દૂર કરાવવાની કાર્યવાહીઓ કરવા તે અંગે જો કોઈ સમાધાન અંગેના લખાણો કરાવવાની જરૂર પડે તો તે તે તમામ અમારા વતી કરી આપી શકશે.

(૬) સદરહુ મીલકતની જરૂર પડે વહેંચણીપત્રના કે સહ માલીકોના લાભમાં હક્ક રીલીઝના દસ્તાવેજ કરાવવા માટે જરૂરી તમામ કાર્યવાહીઓ કરવા તેવા પ્રકારના દસ્તાવેજો તૈયાર કરીને તેમાં સહીમતાં કરીને તે દસ્તાવેજ જે તે સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં રજુ કરવા અને તેવા દસ્તાવેજ ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટ હેઠળ પૂર્ણ કરાવવાની કાર્યવાહીઓ કરવા.

(૭) સદરહુ મીલકત અંગે વેચાણ દસ્તાવેજ અગર દસ્તાવેજો જામીન ખત, સોગંદનામાં, બોન્ડ, ગીરોખત, ઈન્ડેમ્નીન્ટી બોન્ડ વિગેરે જે જે દસ્તાવેજો કરવા પડે તે તે તમામ તૈયાર કરી તેમાં સહીમતાં કરીને જે તે સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અવેજ તેઓનાં પોતાના નામથી મેળવવવા, કબુલ કરવા, દસ્તાવેજ કબુલ કરવા તેમજ અમોએ સહીમતાં કરેલા જે તે દસ્તાવેજ કબુલ કરવા તેમજ વેચાણ દસ્તાવેજ ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટ અન્વયે પૂર્ણ કરવા તેમજ વેચાણ દસ્તાવેજના અનુસંધાનમાં બીજા જે કાંઈ પુરવણીના લેખ કે સુધારાના લેખ કરવાની જરૂર પડે તે તમામ કરી આપવા તથા રજીસ્ટ્રેશન એકટ અન્વયે પૂર્ણ કરવા તેમજ જે તે વેચાણ લેનારની જમીનનો કબજો સોંપવા સારૂં તથા તેવા તમામ પ્રકારના ડોકયુમેન્ટની ઈન્ડેક્ષની નકલ મેળવવાની તમામ કાર્યવાહીઓ કરવા સારૂં.

(૮) સદરહુ મીલકતના કરેલા વેચાણ દસ્તાવેજના અનુસંધાનમાં કોઈ નોટીસ પત્ર આવે તેના જવાબો આપવા રજુઆતો કરવા તેમજ વેલ્યુએશન કાયદા હેઠળ કોઈપણ જાતની કાર્યવાહીઓ કરવાની થાય તે તમામ અમારા મુખત્યાર કરી શકશે.

(૯) સદરહુ મીલકત ભાડે આપવા તેનુ ભાડુ લેવા તે અંગે ભાડા કરાર કરવા ભાડા પહોંચ આપવા કબજો પરત લેવા અંગેની તમામ કાર્યવાહીઓ અમારા વતી અમારા મુખત્યારશ્રી કરી શકશે.

(૧૦) સદરહુ મીલકતના મ્યુ.ટેક્ષ ભરવા તેની પહોંચ પાવતીઓ લેવા તેમજ સીટી સર્વે તેમજ મહાનગરપાલીકામાં ટ્રાન્સફર માટેની કાર્યવાહીઓ કરવા તેમજ મ્યુ.ટેક્ષ આકારણી અંગે વાંધા અરજીઓ આપવા તેમાં અમારા વતી પુરાવાઓ આપવા સોગંદનામા વિગેરે કરી આપવા, નામ ટ્રાન્સફર માટેની જે કાંઈ પુરાવાઓ આપવાના થાય તે તમામ આપી શકશે.

(૧૧) સદરહુ મીલકત સોસાયટીમાં આવેલી છે. સોસાયટીની મીટીંગમાં અમારા વતી હાજર રહેવા, સોસાયટીના હોદ્દેદારો પાસેથી જરૂરી પ્રમાણપત્રો મેળવવા, સોસાયટીના સભ્યપદથી રાજીનામું આપવા, રાજીનામું મંજુર કરાવવા, શેર તબદીલી ફોર્મમાં સહિઓ કરી આપવા માટે સત્તા અને અધિકાર આપેલા છે.

(૧૨) સદરહુ પાવર ઓફ એટર્નીનો ઉપયોગ પરીશીષ્ટમાં દર્શાવેલ મીલક્ત પુરતો કરવાનો છે.

એ રીતેનો આ જનરલ પાવર ઓફ એટર્ની અમોએ અમારી રાજીખુશીથી તથા અક્કલ હોંશિયારીથી વિચારીને કોઈના કોઈપણ જાતના દાબ દબાણ સિવાય સ્વસ્થચિત્તે અને મને લખી આપેલ છે તે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો તમાને કબુલ મંજુર સહી છે ને બંધનકર્તા છે. તારીખ :     -૦૩-૨૦૧૯ ના દિને.

**(પાવર ઓફ એટર્ની લખી આપનારની સહી)**

(૧) ..................................

**(પાવર ઓફ એટર્ની સ્વીકારનારની સહી)**

(૧) ...............................

**ઓળખાણ આપનાર / સાક્ષીની સહિ તથા સરનામું :-**

૧ ____________________________

૨ ____________________________